# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત-૩૯૫૦૦૧

:- suratdeo@gmail.com

:-૦૨૬૧-૨૬૬૨૯૦૩

web:-www.suratdeo.org


ક્રમાંક: મા-૨/૨૦૨૬/2550

તા.[illegible]

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, તમામ
સુરત.જિ.સુરત

**વિષય:-** પ્રિમેટ્રીક તથા પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ બાબત

**સંદર્ભ:-** ૧.નાયબ નિયામક અનુ. જાતિ કલ્યાણની કચેરી, સુરતના
પત્ર ક્રમાંક: અજાક/૨૦૨૫-૨૬/૩૯૧-૩૯૩
૨.નાયબ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, સુરતના
પત્ર ક્રમાંક: આજક/પ્રિ.મેટ્રિક/૨૦૨૫-૨૬/૩૯૪-૩૯૬
૩.નાયબ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, સુરતના
પત્ર ક્રમાંક: આજક/પો.મેટ્રિક/૨૦૨૫-૨૬/૩૯૭-૪૦૬
૪.નાયબ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, સુરતના
પત્ર ક્રમાંક: આજક/પો.મેટ્રિક/૨૦૨૫-૨૬/૩૯૭-૪૦૬

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, "ભારત સરકારશ્રીની પ્રિમેટ્રીક તથા પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના" ડીજીટલ ગુજરાત પોર્ટલ મારફત અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની અગાઉના વર્ષોની સરખામણીમાં પુરતી અરજીઓ મળેલ નથી તેવું જાણાય છે તેમજ અમુક વિદ્યાર્થીઓ ઓનલાઈન ફોર્મ ભરવાનું ચુકી ગયેલ હોય તેમજ અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચુકવવામાં સરળતા રહે તે માટે "Head of institute" (HOI) e-kyc કરવા તમામ શાળાઓને જાણ તથા અમલ સારું.

બિડાણ :- ઉક્ત પરિપત્રની નકલ

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ.સુરત

ખૂબ જ અગત્યનું/તાત્કાલિક

# નાયબ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,


સી-૬, બહુમાળી બિલ્ડીંગ,નાનપુરા, સુરત

Email ID :- swo-sur@gujarat.gov.in ફોન નં. ૦૨૬૧ – ૨૪૬૪૪૩૦


જા.નં.ના.નિ.અજાક/૨૦૨૫-૨૬/ ૩૯૧ થી ૩૯૩ તા.૦૯/૦૨/૨૦૨૬

પ્રતિ,

૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત

૨) જિલ્લા શાશનાધિકારીશ્રી,, સુરત

૩) જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી,, સુરત

વિષય:- ડિજિટલ ગુજરાત પોર્ટલની અનુસુચિત જાતિના વિધાર્થીઓની પ્રિ- મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ બાબત

સંદર્ભ:- ૧. મે. નિયામકશ્રીના પત્રનં- અજાક/ગ-૧/૬/૨૦૨૫-૨૬/૪૨૪૧૭૨, તા-૦૭/૧૧/૨૦૨૫
૨. મે.નિયામકશ્રીના પત્ર નં- અજાક/ ગ-૧/૬/૨૦૨૫-૨૬/૫૦૦૯-૪૦ તા.૧૨/૧૨/૨૦૨૫
૩. મે.નિયામકશ્રીના પત્ર નં- અજાક/ ગ-૧/૬/૨૦૨૫-૨૬/૫૧૯૦-૫૨૨૨તા.૨૪/૧૨/૨૦૨૫
૪. મે.નિયામકશ્રીના પત્ર નં- અજાક/ ગ-૧/૫/૨૦૨૫-૨૬/૨૩૯-૭૧ તા.૦૯/૦૧/૨૦૨૬
૫. મે.નિયામકશ્રીના પત્ર નં- અજાક/ ગ-૧/૫/૨૦૨૫-૨૬/૪૧૭-૪૯ તા.૦૬/૦૨/૨૦૨૬

જયભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે,રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની જુદી જુદી પ્રિ- મેટ્રિક શિષ્યવૃતિ યોજનાની કામગીરી ડિજિટલ ગુજરાત પોર્ટલ મારફત કરવામાં આવે છે.

શૈક્ષણિક વર્ષ : વર્ષ-૨૦૨૨-૨૩, વર્ષ-૨૦૨૩-૨૪, વર્ષ-૨૦૨૪-૨૫માં જુદી - જુદી પ્રિ- મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ અંતર્ગત અનુસૂચિત જાતિના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓની અગાઉના વર્ષોની સરખામણીમાં પુરતી અરજીઓ મળેલ નથી તેવું જણાય છે તેમજ અમુક વિધાર્થીઓ ઓનલાઈન ફોર્મ ભરવાનું ચૂકી ગયેલ હોય તેમજ ઓનલાઈન ફોર્મ સબમીટ કરવાનું ચુકી ગયેલ હોય તેમજ જે ઓનલાઇન ફોર્મ ક્વેરી માટે પરત મોકલવામાં આવેલ હોય તે ફોર્મ વિદ્યાર્થીઓથી શરતચુક્થી ક્લોઝ કરી દિધેલ હોય તેમજ અમુક સંસ્થાઓને પોતાના AISHE કોડ મળવામાં વિલંબ થયેલ હોય તેવું પણ બનવા પામેલ છે. આમ આવા વિદ્યાર્થીઓને પણ આવરી લેવા જરૂરી બને છે

આમ, વર્ષ: વર્ષ-૨૦૨૨-૨૩, વર્ષ-૨૦૨૩-૨૪, વર્ષ-૨૦૨૪-૨૫માં અંતર્ગત જુદી જુદી પ્રિ-મેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓ અંતર્ગત અનુસૂચિત જાતિના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ શિષ્યવૃતિથી વંચિત ન રહી જાય તે માટે ડિજિટલ ગુજરાત પોર્ટલ <u>તા: ૩૧/૦૩/૨૦૨૬</u> સુધી રીઓપેન કરવામાં આવેલ છે. જેની જાણ આપના તાબા હેઠળની તમામ શાળા /સંસ્થા ને કરવી અને આપની વેબસાઈટ પર પત્ર અપલોડ કરવા વિનંતી છે.

વધુમાં જણાવવાનુ કે, હવે પછી કોઇ વિદ્યાર્થીના શિષ્યવૃત્તિ ના ફોર્મ ભરવાના બાકી રહી જશે તો તેની તમામ જવાબદારી જે તે શાળાના આચાર્યશ્રી અને શિષ્યવૃત્તીનુ કામ કરતા કર્મચારીશ્રીની રહેશે જેની નોંધ લેવા વિનંતી.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી, સુરત.
આવક નંબર :- ૨૫૭૧
તારીખ :-
સંખ્યા :-
સહી :-

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
સુરત.

1) મે. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુ.રા. ગાંધીનગર તરફ જાણ સારૂ.

નોંધ:- આપનું ઈમેઈલ-આઈ.ડી અને કચેરીનું સરનામું ઉક્ત ઈમેઈલ આઈ.ડી પર મોકલ આપવા વિનંતી

સમયમર્યાદા

નં.અજાક/ગ-૧/૫/૨૫-૨૬/૪૯૭-૪૯
નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણ,
૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
E-mail:dd1-dscw@gujarat.gov.in
તા.૦૬/૦૨/૨૦૨૫

પ્રતિ,
નાયબ નિયામકશ્રી,
અનુસૂચિત જાતિ કલ્યાણ,
જિ.............................. (તમામ)

વિષય:- અનુ.જાતિના વિદ્યાર્થીઓને પ્રિમેટ્રીક તથા પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ બાબત

સંદર્ભ: ૧) કેંન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા:૨૧/૦૮/૨૦૨૫ના પત્રનં: K-11017/8/2025-SCD-V

૨) કેંદ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના DO K-11017/8/2025-SCD-V Dated:12-09-2025

3) કેંન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના તા:૧૪/૧૦/૨૦૨૫ના પત્રનં: CMS/GOI/2025/47936

૪) કેંદ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા:૦૬/૧૧/૨૦૨૫ના પત્રન: K-11036/6/2021-SCD-V

૫) કેંદ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા:૧૬/૧૨/૨૦૨૫ના પત્રન: K-11017/8/2025-SCD-V

ઇનવર્ડ નં. 722
તારીખ 4/2/26

ઉપરોક્ત વિષય તથા સંદર્ભિત પત્રો અન્વયે જણાવવાનું કે અત્રેની કચેરી હસ્તકની જિલ્લા કચેરીઓ દ્વારા કેન્દ્ર સરકારશ્રીની જુદી જુદી પ્રિમેટ્રીક / પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓનો અમલ **Digital Gujarat Portal** પર શાળાના આચાર્યશ્રીઓ મારફત ઓનલાઇન દરખાસ્તો/અરજીઓ મંગાવી કરવામાં આવે છે. આ કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવા તમામ જિલ્લા કચેરીઓને શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં જ માસવાર કરવાની થતી કામગીરીનું આયોજન આપવામાં આવે છે અને કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

વધુમાં સદર્ભિત પત્ર: ૧ થી ૪થી કેંદ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગએ પણ કેંદ્ર પુરસ્કૃત પ્રિમેટ્રીક તથા પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓની પડતર કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવા જણાવેલ હતુ. જેમ કે વર્ષ:૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪ની કામગીરી તા:30/૧૧/૨૦૨૫ સુધીમાં તથા શૈક્ષણિક વર્ષ:૨૦૨૪-૨૫ની કામગીરી તા:૩૧/૧૨/૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવા જણાવેલ.

હાલ સંદર્ભિત પત્ર:૫ મુજબ કેંદ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગએ અગાઉ જે સમયમર્યાદા આપેલ હતી તે લંબાવી હવે વર્ષ:૨૦૨૨-૨૩, વર્ષ:૨૦૨૩-૨૪ તથા વર્ષ:૨૦૨૪-૨૫ની કેંદ્ર પુરસ્કૃત પ્રિમેટ્રીક તથા પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની કામગીરી તા:૩૧/03/૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવા જણાવેલ છે. ચાલુ વર્ષ કેંદ્ર પુરસ્કૃત યોજનાઓનું Terminal વર્ષ હોય જુના વર્ષોની કામગીરી પણ તાત્કાલિક પૂર્ણ કરવાની થાય છે.

કેંદ્ર પુરસ્કૃત પ્રિમેટ્રીક તથા પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ અંતર્ગત રાજ્યમાં ૪૦% ચુકવણું થયા બાદ કેંદ્ર ફાળાનું ૬૦% ચુકવણું કરવા ડેટા NSPને મોકલવાનો હોય તમામ જિલ્લા કચેરીઓને જણાવવાનું કે વર્ષ:૨૦૨૨-૨૩, વર્ષ:૨૦૨૩-૨૪ તથા વર્ષ:૨૦૨૪-૨૫ની કોઇ પાત્રતા ધરાવતી અરજીઓ મંજુર કરવાની બાકી હોય તો તમામ વર્ષની અરજીઓ તાત્કાલિક નિયમોનુસાર મંજુર કરી રાજ્યફાળાના ૪૦% ચુકવણાની કામગીરી પૂર્ણ કરવામાં આવે.

વધુમાં જે અરજીઓ આચાર્યશ્રી કક્ષા/ વિદ્યાર્થી કક્ષાએ પડતર હોય તેવી અરજીઓ અન્વયે તાત્કાલિક આચાર્યશ્રીઓને ટેલિફોનીક/લેખિતમાં જાણ કરી તેવી અરજીઓનો નિકાલ કરવાનો રહેશે. આ બાબતે અત્રેની કચેરી દ્વારા સમયાંતરે યોજવામાં આવતી વિડિયો કોન્ફરન્સમાં પણ સૂચનાઓ આપવામાં આવેલ છે તેમજ વોટસએપ ગ્રુપમાં જિલ્લાવાર માહિતી આપવામાં આવેલ છે જે ધ્યાને લઇ ઉક્ત વર્ષની કામગીરી તાત્કાલિક પૂર્ણ થઇ જાય તે મુજબનું આયોજન જિલ્લા કચેરીઓએ કરવાનું રહેશે. આ બાબતે ઉચ્ચ કક્ષાએથી રીવ્યુ થતો હોય પ્રાયોરીટી આપવાની રહેશે.

સંયુક્ત નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

બિડાણ: ઉપર મુજબ

<u>નકલ સવિનય રવાના:-</u>

- સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર તરફ જાણ થવા વિનંતી સહ

ખુબ જ અગત્યનું/તાત્કાલિક

# નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,

સી-૬, બહુમાળી બિલ્ડીંગ,નાનપુરા, સુરત

Email ID :- swo-sur@gujarat.gov.in     ફોન નં. ૦૨૬૧ - ૨૪૬૪૪૩૦

નં.-ના.નિ.અજાક/પો.મેટ્રીક/૨૦૨૫-૨૬/૩૯૭ થી ૪૦૬     તા. ૦૯/૦૨/૨૦૨૬

પ્રતિ ,

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત. એ-બ્લોક, પ્રથમ માળ, જિલ્લા સેવા સદન-૨, સુરત-કુંભ ગેટ, અઠવાલાઈન્સ, સુરત-395001

(૨) રજીસ્ટ્રારશ્રી,ઓરો યુનિવર્સીટી ઓફ હોસ્પિટાલિટી એન્ડ મેનેજમેન્ટ

(૩) રજીસ્ટ્રારશ્રી, ભગવાન મહાવીર યુનિવર્સીટી

(૪) રજીસ્ટ્રારશ્રી,પી પી સવાણી યુનિવર્સીટી

(૫) રજીસ્ટ્રારશ્રી,સાર્વજનિક યુનિવર્સીટી

(૬) રજીસ્ટ્રારશ્રી,ઉકા તરસાડીયા યુનિવર્સીટી

(૭) રજીસ્ટ્રારશ્રી,વનીતા વિશ્રામ વુમેન્સ યુનિવર્સીટી

(૮) કુલ સચિવશ્રી વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સીટી

(૯) રજીસ્ટ્રારશ્રી,વિદ્યાદીપ યુનિવર્સીટી

(૧૦) આચાર્યશ્રી , આઈ.ટી.આઈ , સુરત

વિષય :- ડિજિટલ ગુજરાત પોર્ટલની અનુસુચિત જાતિના વિધાર્થીઓની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ બાબત

સંદર્ભ :-1.) નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ , ગાંધીનગર ના પત્ર ન અજાક/ગ-૧/૫/૨૫-૨૬/૪૨૭૩-૪૩૦૪ , તા -૭/૧૧/૨૦૨૫

2.) નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ , ગાંધીનગર ના પત્ર ન અજાક/ગ-૧/૫/૨૫-૨૬/૩૮૧૫, તા -૦૧/૧૦/૨૦૨૫

૩ .) અત્રેની કચેરીના પત્ર ન- અજાક/પો.મેટ્રીક /૨૦૨૫-૨૬/૨૯૪૧ થી ૨૯૫૦, તા -૧૭/૦૯/૨૦૨૫

૪.) અત્રેની કચેરીના પત્ર ન- અજાક/પો.મેટ્રીક /૨૦૨૫-૨૬/૨૯૯૩ થી ૩૦૦૨, તા -૨૬/૦૯/૨૦૨૫

૫.) અત્રેની કચેરીના પત્ર ન- અજાક/પો.મેટ્રીક /૨૦૨૫-૨૬/૩૦૨૨ થી ૩૦૩૧, તા -૨૬/૦૯/૨૦૨૫

૬.) અત્રેની કચેરીના પત્ર ન- અજાક/પો.મેટ્રીક /૨૦૨૫-૨૬/૩૧૭૬ થી ૩૧૮૫, તા -૦૬/૧૦/૨૦૨૫

૭.) અત્રેની કચેરીના પત્ર ન- અજાક/પો.મેટ્રીક /૨૦૨૫-૨૬/૩૪૩૭ થી ૩૪૪૬ તા -૨૭/૧૦/૨૦૨૫

૮.) અત્રેની કચેરીના પત્ર ન- અજાક/પો.મેટ્રીક /૨૦૨૫-૨૬/૩૪૮૫ થી ૩૪૯૫ તા -૩/૧૧/૨૦૨૫

૯.) નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ , ગાંધીનગર ના પત્ર ન અજાક/ગ-૧/૫/૨૫-૨૬/૫૧૯૦-૫૨૨૨ તા – ૨૪/૧૨/૨૦૨૫

૧૦) નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ , ગાંધીનગર ના પત્ર ન અજાક/ગ-૧/૫/૨૫-૨૬/ ૨૩૯-૭૧ તા – ૦૯/૦૧/૨૦૨૬

૧૧) નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ , ગાંધીનગર ના પત્ર ન અજાક/ગ-૧/૫/૨૫-૨૬/ ૪૧૭-૪૯ તા – ૦૬/૦૨/૨૦૨૬

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, સુરત.
આવક નંબર :- ૨૫૫૧૦
તારીખ :-
શાખા :-
સહી :-
૧૭/૨

સવિનય ઉપરોક્ત વિષય તથા સંદર્ભ પત્ર પરત્વે જણાવવાનું કે, અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની પોસ્ટ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાનો અમલ ડિજીટલ ગુજરાત પોર્ટલ મારફત ઓનલાઇન કરવામાં આવે છે. આ કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવા તમામ શાળા / કોલેજો ને શૈક્ષણિક વર્ષની શરૂઆતમા જ માસવાર કરવાની થતી કામગીરીનુ આયોજન આપવામા આવે છે અને કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

ઉક્ત કામગીરી પૂર્ણ કરવા અત્રેની કચેરીએથી વારંવાર રૂબરૂ મીટીંગ કરી, સંદર્ભ દર્શિત (૨) થી (૧૧) પત્રોથી પત્રવ્યવહાર કરી, વોટ્સેપ ગ્રુપમાં સુચનાઓ આપી જરૂરી માહિતી આપી કામગીરી પૂર્ણ કરવા જણાવવામાં આવે છે. તેમ છતાં આચાર્ય લેવલે ઘણી અરજીઓ પડતર રહેલ છે.

સંદર્ભ દર્શિત પત્રથી ડિજિટલ ગુજરાત પોર્ટલની અનુસુચિત જાતિના વિધાર્થીઓની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ વર્ષ-૨૦૨૨-૨૩, વર્ષ- ૨૦૨૩-૨૪ અને વર્ષ- ૨૦૨૪-૨૫ ની કામગીરી તા.૩૧/૦૩/૨૦૨૬ સુધીમા પૂર્ણ કરવા જણાવેલ હોય , સદર વર્ષની અરજી અત્રેની કચેરીને તા- ૨૮/૦૨/૨૦૨૬ સુધીમા હાર્ડ કોપી તથા સોફ્ટ કોપીમા રજુ કરવાની રહેશે.

વધુમાં, કેંદ્ર પુરુસ્કૃત પોસ્ટ મેટ્રીક શિષ્યવુતિ યોજનાઓ અંતર્ગત રાજ્યમા 40% ચુકવણુ થયા બાદ જ કેંદ્ર ફાળાનુ ૬૦% ચુકવણુ કરવા ડેટા NSP ને મોકલવાનો હોય છેલ્લીવાર તક આપી તા-૩૦/૦3/૨૦૨૬ સુધીમાં આચાર્યશ્રીની કક્ષાએ પડતર અરજીઓનો નિકાલ કરવાનાં રહેશે.ત્યારબાદ જો કોઇ વિદ્યાર્થી શિષ્યવૃત્તીના લાભથી વંચિત રહી જશે તો તેની તમામ જવાબદારી જે-તે શાળા/કોલેજ ના આચાર્યશ્રીની રહેશે. જેની નોંધ લેવા વિનંતી છે

નાયબ નિયામક

અનુસૂચિત જાતિ કલ્યાણ

સુરત

સવિનય નકલ રવાના-

માન: નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર તરફ જાણ સારૂ

ખૂબ જ અગત્યનું/તાત્કાલિક

# નાયબ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,


સી-૬, બહુમાળી બિલ્ડીંગ,નાનપુરા, સુરત

Email ID :- swo-sur@gujarat.gov.in                    ફોન નં. ૦૨૬૧ – ૨૪૬૪૪૩૦


નં.-ના.નિ.અજાક/પો.મેટ્રીક/૨૦૨૫-૨૬/ ૪૦૭ થી ૪૧૬                    તા.૦૯/૦૨/૨૦૨૬

પ્રતિ ,

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત. એ-બ્લોક, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ સુરત -395001

(૨) રજીસ્ટ્રારશ્રી,ઓરો યુનિવર્સીટી ઓફ હોસ્પિટાલિટી એન્ડ મેનેજમેન્ટ

(૩) રજીસ્ટ્રારશ્રી, ભગવાન મહાવીર યુનિવર્સીટી

(૪) રજીસ્ટ્રારશ્રી,પી પી સવાણી યુનિવર્સીટી

(૫) રજીસ્ટ્રારશ્રી,સાર્વજનિક યુનિવર્સીટી

(૬) રજીસ્ટ્રારશ્રી,ઉકા તરસાડીયા યુનિવર્સીટી

(૭) રજીસ્ટ્રારશ્રી,વનીતા વિશ્રામ વુમેન્સ યુનિવર્સીટી

(૮) કુલ સચિવશ્રી વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સીટી

(૯) રજીસ્ટ્રારશ્રી,વિદ્યાદીપ યુનિવર્સીટી

(૧૦) આચાર્યશ્રી , આઈ.ટી.આઈ , સુરત

વિષય:- "ભારત સરકારશ્રીની પોસ્ટમેટ્રિક શિષ્યવૃત્તિ" યોજનામાં HOIનું e-kyc કરવા બાબત.

સંદર્ભ: - ૧.નિયામકશ્રી અજાક/ગ-૧/૫/૨૦૨૫-૨૬/૪૯૭૫-૫૦૦૬ તા.૦૯/૧૨/૨૦૨૫
૨. નિયામકશ્રી અજાક/ગ-૧/૫/૨૦૨૫-૨૬/૧૯૬-૨૨૮ તા.૦૯/૦૧/૨૦૨૬
૩.નિયામકશ્રી અજાક/ગ-૧/૫/૨૦૨૫-૨૬/૪૫૩-૮૫ તા.૦૬/૦૨/૨૦૨૬

**સવિનય ઉપરોક્ત વિષય તથા સંદર્ભ પત્ર અન્વયે જણાવવાનું કે,** "ભારત સરકારશ્રીની પોસ્ટમેટ્રિક શિષ્યવૃત્તિ યોજના" ડીજીટલ ગુજરાત પોર્ટલ મારફત અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને નિયમોનુસાર શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવે છે. જે વર્ષ-૨૦૨૫-૨૬થી તમામ શાળા અને કોલેજોએ "Head of institute" (HOI) e-kyc કરવાનું રહેશે. જે ગાઈડલાઈનના સ્ટેપ પ્રમાણે કાર્યવાહી કરવાની રહેશે તો જ ભારત સરકારશ્રીના ૬૦% રકમનું ચૂકવણું વિદ્યાર્થીઓને કરી શકાશે.

આમ શૈક્ષણિક વર્ષ:-૨૦૨૫-૨૬ અંતર્ગત અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચૂકવવામાં સરળતા રહે તે માટે આપની કક્ષાએથી આપના તાબા હેઠળની તમામ શાળાઓ,કોલેજો /સંસ્થાઓને સમય મર્યાદામાં "Head of institute" (HOI ) e-kyc કરાવી લેવા જરૂરી સૂચનાઓ આપવા વિનંતી છે.

બીડાણ:-ગાઈડલાઈનની નકલ સામેલ છે.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી, સુરત.
આવક નંબર :- 2493
તારીખ :- 9/2
સંખ્યા :-
સહીં :-

1812

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
જિ.સુરત

સવિનય નકલ રવાના-

માન. નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર તરફ જાણ સારૂ

નં.અજાક/ગ-૧/૫/૨૫-૨૬/૪૫૩ - ૯૫
નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણ,
૪/૨,ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
તા. ૬ /૦૨/૨૦૨૬

પ્રતિ,
નાયબ નિયામકશ્રી,
અનુસૂચિત જાતિ કલ્યાણ,
જિ...............................

વિષય: Regarding Aadhaar-based BioMetric eKYC for all INO/HoI (વર્ષ:૨૦૨૫-૨૬)

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે કેંન્દ્ર સરકારશ્રી દ્વારા કેંદ્ર પુરસ્કૃત "Pre Matric Scholarship to SC & Other" અને "Post Matric Scholarship to SC Students" યોજના અંતર્ગત તમામ વિદ્યાર્થીઓના તથા INO/HoI/DNO/SNOનું Aadhaar-based BioMetric eKYC કરવા સૂચનાઓ આપેલ છે

હાલ રેશનકાર્ડનાં ડેટાબેઝ મારફત તમામ વિદ્યાર્થીઓનું Aadhaar-based BioMetric eKYC કરવામાં આવી જ રહેલ છે અને આ પધ્ધતિથી સંબધિત તમામ શાળા/સંસ્થાના HoIનું પણ Aadhaar-based BioMetric eKYC કરી શકાય છે. વધુમાં National Scholarship Portal મારફત સંબધિત શાળા/સંસ્થાના eKYCની વિગતો પણ મેળવી શકાય છે જે રાજ્ય દ્વારા Integrate કરી લેવામાં આવેલ છે. તમામ શાળા/સંસ્થાના HoI ના eKYC કરવા બાબતે વડી કચેરી દ્વારા અગાઉ લેખિતમાં તેમજ સમયાંતરે યોજાતી વિડિયો કોન્ફરન્સમાં તેમજ વોટ્સએપ ગૃપમાં પણ સૂચનાઓ આપવામાં આવેલ છે.

શાળાઓ પોતાના લોગીનમાં "Student Register => Institute/School HoI Details" ઓપ્શનમાં જઇ તથા કોલેજ/સંસ્થા/યુનિવર્સિટી પોતાના લોગીનમાં "Admin => Institute/School HoI Details" ઓપ્શનમાં જઇ HoIની વિગતો અંગેનું ફોર્મ ઓનલાઇન ભરી શકે છે અને જિલ્લા કચેરી હાયર ઓથોરીટીના લોગીનમાંથી આ ફોર્મને નિયમોનુસાર મંજુર પણ કરી શકે છે.

કેન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા તમામ HoI/INOના Aadhaar Based Biometric eKYC કરવાની સૂચનાઓ આપવામાં આવેલ હોય તમામ આચાર્યશ્રીઓ પોતાના લોગીનમાંથી ઉક્ત ફોર્મ ફરજિયાત ભરે તે સુનિશ્ચિત કરવા આથી તમામ જિલ્લા અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે. જે શાળા/સંસ્થાઓના HoIનું eKYC થયેલ હોય તેવા જ શાળા/સંસ્થાઓના વિદ્યાર્થીની માહિતી ૬૦% ચુકવણા માટે કેન્દ્ર સરકારશ્રીના NSP પોર્ટલને મોકલી શકાતી હોય આ બાબતને પ્રાયોરીટી આપીને કામગીરી પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

સંયુક્ત નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય,ગાંધીનગર

નકલ સવિનય રવાના:

- સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર જાણ થવા વિનંતી